ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

નં. પરિક્ષા/જુનો-નવો-અભ્યાસક્રમ/2017/12249 તા. 13-10-2017

પરિપત્ર નં. 265

આથી આટ્ર્સ, કોમર્સ તથા સાયન્સ વિદ્યાશાખાના કોલેજોના આચાર્યશ્રીઓ, ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા વિભાગોના વડાશ્રીઓને આદેશાનુસાર જણાવવાનું કે અભ્યાસક્રમ બદલાવવાના કિસ્સામાં નીચેની બાબતો અધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીઓના ધ્યાને અચૂક લાવવી, જેથી પરિક્ષા વખતે વિદ્યાર્થીઓને પરિક્ષાના કાર્યક્રમ, અભ્યાસક્રમ તથા બેઠક વ્યવસ્થા સંદર્ભે કોઈ દુવિધા ઉભી ન થાય.

1. આટ્ર્સ, કોમર્સ તથા સાયન્સ વિદ્યાશાખાના **ફ્રેશ વિદ્યાર્થીઓએ ફરજિયાતપણે નવા જ અભ્યાસક્રમની પરિક્ષા આપવાની રહેશે.** ફ્રેશ વિદ્યાર્થીઓએ જૂના અભ્યાસક્રમની પરિક્ષા આપી શકશે નહીં. પરંતુ રીપીટર વિદ્યાર્થીઓના કિસ્સામાં બદલાયેલા અભ્યાસક્રમના કિસ્સાઓમાં જૂના અભ્યાસક્રમની બે (02) તક આપવામાં આવે છે. **જૂના અભ્યાસક્રમની બે (02) તક પૂર્ણ થયે રીપીટર વિદ્યાર્થીઓએ નવા અભ્યાસક્રમની પરિક્ષા આપવાની રહેશે. જે રીપીટર વિદ્યાર્થીઓ પરિક્ષામાં ડ્રોપ લેવાના કારણે જૂના અભ્યાસક્રમની બે (02) તકનો લાભ ન મેળવી શક્યા હોય તો તેમણે પણ નવા અભ્યાસક્રમની પરિક્ષા આપવાની રહેશે.**
2. **ક્રમાંક 1માં દર્શાવેલ વિગત સંદર્ભે આટ્ર્સ વિદ્યાશાખાના વિવિધ પ્રોગ્રામો જેવાં કે બી.એ., એમ.એ. વગેરેમાં રીપીટર વિદ્યાર્થીએને ફરજિયાત અંગ્રેજી સિવાય ભાષાના કોઈપણ વિષયમાં જૂના અભ્યાસક્રમની તક આપવામાં આવતી નથી. જેમ કે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત વિગેરે. આવા વિષયોમાં ફ્રેશ તથા રીપીટર વિદ્યાર્થીઓએ ફરજિયાત પણ નવા કોર્ષની પરિક્ષા આપવાની રહેશે.**
3. પરિક્ષાના કાર્યક્રમ (http://www.gujaratuniversity.ac.in/web/custom/student/examination-schedule), અભ્યાસક્રમ (http://www.gujaratuniversity.ac.in/web/custom/student/syllabus) તથા બેઠક વ્યવસ્થા (http://www.gujaratuniversity.ac.in/web/custom/student/seating-arrangement) અંગેની તમામ લેટેસ્ટ માહિતી http://www.gujaratuniversity.ac.in પર ઉપલબ્ધ છે જેની કોલેજોના આચાર્યશ્રીઓ, ભવનોના અધ્યક્ષશ્રીઓ, વિભાગોના વડાશ્રીઓ તથા વિદ્યાર્થીઓએ નોંધ લેવી અને તેનાથી સતત માહિતગાર રહેવું, જેથી પરિક્ષાના કાર્યક્રમ, અભ્યાસક્રમ કે બેઠક વ્યવસ્થામાં કોઈ પરિવર્તન હોય તો જાણી શકાય અને તદઅનુસાર તૈયારી કરીને પરિક્ષાઓ આપી શકાય. પરિક્ષાઓ છેલ્લે જાહેર કરેલા

પરિક્ષાના કાર્યક્રમ, અભ્યાસક્રમ તથા બેઠક વ્યવસ્થા અનુસાર લેવામાં આવશે, જે અંગે કોઈ તકરાર કરી શકાશે નહીં.

4. **વિદ્યાર્થીઓના પ્રિન્ટેડ પરિક્ષા ફોર્મ કે હોલ ટિકીટમાં શરતચૂકથી કોઈ માહિતી ખોટી છપાઈ હોય તો પણ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ http://www.gujaratuniversity.ac.in પર મુકવામાં આવેલ વિગતો અંતિમ ગણાશે, જેની સર્વે સંબંધિતોએ નોંધ લેવી.**
5. કોલેજોના આચાર્યશ્રીઓ, ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા વિભાગોના વડાશ્રીઓ સદર બાબતોની વિદ્યાર્થીઓને અચૂક જાણ કરવી.
6. સદર જોગવાઈઓ રેગ્યુલર તથા એક્ષ્ટર્નલ એમ બંને પ્રકારના વિદ્યાર્થીઓને લાગુ પડશે.

કા. કુલસચિવ